ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૨૦.૦૫.૨૦૧૭

## પ્રદેશ ભાજપા દ્વારા સમગ્ર રાજ્યમાં
## તા. ૧૮ થી ૨૫ મે દરમ્યાન
## પંડિત દીનદયાળ ઉપાધ્યાય જન્મશતી વિસ્તારક કાર્યશાળાઓનું આયોજન

પ્રદેશ ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, આગામી તા. ૨૮ મે થી ૫ જૂન દરમ્યાન વિધાનસભા સીટ સ: ૪૮,૦૦૦ જેટલા બુથોમાં વિસ્તારકો જવાના છે તેમના પ્રશિક્ષણ હેતુ રાજ્યભરમાં ૧૨૩ પંડિત દીનદયાળ ઉપાધ્યાય જન્મશતી વિસ્તારક કાર્યશાળાઓ યોજાઈ રહી છે. જેમાં પ્રદેશ હોદ્દેદારશ્રીઓ અને પ્રદેશના આગેવાનો દ્વારા વિભિન્ન વિષયોનું માર્ગદર્શન આપવામાં આવે છે.

પ્રશિક્ષણ કાર્યશાળાની વિગતો આપતાં શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, તા. ૧૮ થી ૨૦ મે દરમ્યાન ઉત્તર ઝોનમાં ૧૫, મધ્ય ઝોનમાં ૧૦, દક્ષિણ ઝોનમાં ૫ અને સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૦ એમ કુલ ૪૦ કાર્યશાળાઓ પૂર્ણ થઈ છે. આવતીકાલ તા. ૨૧ થી ૨૫ મે દરમ્યાન ઉત્તર ઝોનમાં ૨૬, મધ્ય ઝોનમાં ૨૪, દક્ષિણ ઝોનમાં ૧૭ અને સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૬ એમ કુલ ૮૩ કાર્યશાળાઓ યોજાશે. આ કાર્યશાળાઓમાં વિસ્તારકોને તા. ૨૮ મે (વીર સાવરકર જન્મજયંતિ) થી ૫ જૂન (પ.પૂ.શ્રી ગુરૂજીની પુણ્યતિથિ) સુધી બુથ કક્ષાએ હાથ ધરવાની બાબતો, સંપર્ક, કેન્દ્ર-રાજ્ય સરકારોની સિદ્ધિઓ સહિત વિવિધ મોબાઈલ એપના ઉપયોગ અંગે પ્રશિક્ષિત કરવામાં આવનાર છે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૨** **તા. ૨૦.૦૫.૨૦૧૭**

# એક દિવસીય રાષ્ટ્રીય મીડીયા કાર્યશાળામાં ગુજરાત ભાજપાના આગેવાનો ઉપસ્થિત રહેશે.

પ્રદેશ ભાજપા મીડીયા સેલની એક યાદીમાં જણાવે છે કે, આવતીકાલે તા. ૨૧ મેના રોજ દિલ્હી ખાતે કેન્દ્રીય ભાજપા દ્વારા એક દિવસીય **રાષ્ટ્રીય મીડીયા કાર્યશાળા**નું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

આ મીડીયા કાર્યશાળામાં પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયા, રાજ્ય સરકારના પૂર્વ મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ, પ્રદેશ મીડીયા વિભાગના કન્વીનરશ્રી ડૉ. હર્ષદ પટેલ, પ્રદેશ કારોબારી સભ્ય શ્રીમતી ભાવનાબેન દવે અને સાંસદશ્રી ડૉ. કીરીટભાઈ સોલંકી ઉપસ્થિત રહેશે.

આ એક દિવસીય રાષ્ટ્રીય મીડીયા કાર્યશાળામાં દેશના અન્ય રાજ્યોમાંથી પ્રવક્તાશ્રીઓ, મીડીયા વિભાગના સંયોજકશ્રીઓ ઉપસ્થિત રહેશે.

**(ડૉ. હર્ષદ પટેલ)**
**કન્વીનર-મીડીયા સેલ**

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૨૦.૦૫.૨૦૧૭

# ગુજરાતના પનોતા પુત્ર લોકલાડીલા
# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૨૨-૨૩ મેના રોજ ગુજરાતની મુલાકાતે

----------------------

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આવકાર-સ્વાગત માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન

પ્રદેશ ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૨૨ અને ૨૩ મેના રોજ ગુજરાતના વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

શ્રી પંડયાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૨૨ મેના રોજ કંડલા ખાતે વિવિધ ૯૯૬ કરોડના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે તેમજ ભચાઉ ખાતે નર્મદા નદીના ટપર ડેમમાં માં નર્મદાના નીરના વધામણાં કરશે. વડાપ્રધાનશ્રી કચ્છથી મોડી સાંજે કર્ણાવતી એરપોર્ટ ખાતે પધારશે. વડાપ્રધાનશ્રીની તા. ૨૩ મેના રોજ આફ્રીકન ડેવલપમેન્ટ બેંકની વાર્ષિક બેઠકના ઉદ્‌ઘાટન સત્રમાં ઉપસ્થિત રહેશે. કેન્દ્રીય મંત્રીશ્રી અરૂણ જેટલીજી સહિત અન્ય કેન્દ્રીય મંત્રીશ્રીઓ આ બેઠકમાં જોડાશે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત ભાજપા સંગઠન તેમજ કાર્યકર્તાઓ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા માટે થનગની રહ્યા છે. ભચાઉ શહેરને રોશનીથી સુશોભિત કરવામાં આવશે. શહેરના દરેક સર્કલ પર રંગરોગાન તેમજ શહેરના વિવિધ સ્થળોએ ભાજપાના હોર્ડીંગ્સ અને ધ્વજ-પતાકા લગાડવામાં આવશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની કચ્છની મુલાકાતના સંદર્ભમાં ભચાઉ શહેરના તમામ મહાદેવના મંદિરમાં મહાઆરતી તથા ઘંટનાદ અને નર્મદા મૈયાના જળથી મહાભિષેક યોજાઈ રહ્યો છે. ભાજપ યુવા મોરચા દ્વારા આવતીકાલ તા. ૨૧ મેના રોજ ગાંધીધામ રોટરી સર્કલ પાસે "એક શામ, શહિદો કે નામ"ને અનુલક્ષીને સંગીત સંધ્યાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. છેલ્લા અઠવાડીયાથી વિવિધ શહેરોમાં મહાસફાઈ અભિયાનનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

કચ્છની મુલાકાત બાદ, કર્ણાવતી એરપોર્ટ ખાતે વિવિધ સમાજના વર્ગો દ્વારા સ્વાગત કરવામાં આવશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની ૧,૦૦૦ દિવસની સિદ્ધિઓનું વર્ણન ૧૦૦ ફીટ લંબાઈ અને ૪ ફીટ પહોળાઈની સાઈઝના હોર્ડિંગ્સ લગાડીને કરવામાં આવશે. કર્ણાવતી મહાનગરના કાર્યકર્તાઓ કેસરી સાફામાં સજ્જ થઈને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારશે. ૧,૦૦૦ જેટલા બાંધકામ ક્ષેત્રના શ્રમીકો કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની શ્રમીકોના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓના પ્લે કાર્ડ થકી વડાપ્રધાનશ્રીનું સ્વાગત કરશે. પંડિત દીનદયાળ જન્મશતાબ્દી વર્ષને અનુલક્ષીને ધ્વજ-પતાકા લહેરાવાશે તેમ શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ | તા. ૨૦.૦૫.૨૦૧૭

**પારદર્શિતા, પ્રમાણિકતા અને પ્રતિબદ્ધતાથી કેન્દ્ર સરકાર જન આકાંક્ષાઓની પુર્તિ કરી રહી છે ત્યારે કોંગ્રેસ પોતાની નકારાત્મક માનસિકતા છતી કરી રહી છે.**

---

**વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યાંક સાથે કેન્દ્ર સરકારે અનેકવિધ ખેડૂતલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે.**

---

**ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં પ્રજાએ ૩/૪ બેઠકો પર ભાજપાને વિજયી બનાવી કેન્દ્ર સરકારની નીતિઓનું સમર્થન કર્યું છે.**

પ્રદેશ ભાજપા પ્રવકતાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની એન.ડી.એ. સરકારની છેલ્લા ૩ વર્ષમાં વડાપ્રધાનશ્રીના માય આઈડીયા ઑફ ઈન્ડીયાને સાકાર કરવાની દિશામાં અનેકવિધ પગલાં લીધા છે. છેલ્લા ૩ વર્ષમાં અનેકક્ષેત્રમાં વિકાસની નવી ઉંચાઈઓ સર કરી છે અને નવા પ્રકલ્પો અમલમાં મૂક્યા છે.

શ્રી પંડયાએ કોંગ્રેસના નકારાત્મક વલણની ઝાટકણી કાઢતાં જણાવ્યું હતું કે, અનિર્ણાયકતા, ભ્રષ્ટાચાર અને પરિવારવાદમાં ફસાયેલી કોંગ્રેસે દેશને નિરાશાની ગર્તામાં ધકેલી દીધો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ નેતૃત્વથી દેશ આજે આગેકૂચ કરી રહ્યો છે ત્યારે આજે કોંગ્રેસના આગેવાને વર્ષ ૨૦૧૨, વર્ષ ૨૦૧૪ની ચૂંટણીઓ પહેલાં કરેલા વાહીયાત વાતો અને જુઠ્ઠાંણાઓનું પુનરાવર્તન કરી પોતાની હતાશા છતી કરી હતી. હમણાં જ પાંચ રાજ્યોની ચૂંટણીઓમાં ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં પ્રજાએ ૩/૪ બેઠકો પર ભાજપાને વિજયી બનાવી કેન્દ્ર સરકારની નીતિઓનું સમર્થન કર્યું છે ત્યારે સમગ્ર દેશમાં હાંસીયામાં ધકેલાઈ ગયેલી કોંગ્રેસ માધ્યમોમાં રહેવા માટેના વલખાં મારી રહી છે.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યાંક સાથે કેન્દ્ર સરકારે અનેકવિધ ખેડૂતલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. રૂ. ૪૦ હજાર કરોડની પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનામાં જોગવાઈ હોય કે પ્રધાનમંત્રી પાક વીમા યોજના હોય. સોઈલ હેલ્થ કાર્ડ સાથે ઈ-નામ મારફતે ૨૫૦ કરતાં વધારે બજારોને જોડી ખેડૂતોને પાકની વધુ કિંમતો મળે તથા લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરવા સાથે ફુડ પ્રોસેસીંગ માટેના ૧૦૧ કોલ્ડ ચેઈન પ્રોજેકટને માન્યતા આપી છે. ૮ મેગા ફુડ પાર્કની સ્થાપના કરી છે. કોંગ્રેસ સમયમાં ૫ગ કરી જતું યુરીયા અને લાંબી લાઈનો નવી યુરીયા નીતિ અને નીમકોટેડ યુરીયાના માધ્યમથી ખેડૂતોને યુરીયાની ઉપલબ્ધતા સરળ બનાવી છે. કોંગ્રેસના શાસનમાં હતાશ, પરાસ્ત થયેલ ખેડૂત બમણી ઉપજ માટે એન.ડી.એ. શાસનમાં પ્રોત્સાહિત થયો છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, દાયકાઓ સુધી ગાંધી પરિવારનાં ગણ્યા-ગાંઠ્યા વ્યક્તિઓએ દેશ પર શાસન કર્યું. આ વર્ષો દરમ્યાન દેશનું યુવાધન નિરાશ બન્યું, ખેડૂતો પાયમાલ થયા અને દિશાવીહીન નીતિઓને કારણે લોકોને સરકાર પ્રત્યેની શ્રદ્ધા ડગી અને અવિશ્વાસ પેદા થયો. છેલ્લા ૩ વર્ષમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીતા અને અંત્યોદયના ઉદ્ધારની પ્રતિબદ્ધતાથી સમાજમાં સારા પરિણામો મળી રહ્યા છે. સરકારી વ્યવસ્થાઓ અને સરકારમાં જનમાનસને વિશ્વાસ બેઠો છે ત્યારે તેની સ્વિકૃતિને બદલે અમારી યોજના અને તમારી યોજનાના ગાણા ગઈ કોંગ્રેસ વાસ્તવિકતાને સ્વિકારવાને બદલે પીછે હઠ કરે છે. દેશમાં સ્કીલ ઈન્ડીયા, મુદ્રા બેંક, સ્ટાર્ટ અપ જેવા નૂતન અભિગમો દ્વારા સ્વનિર્ભરતા અને યુવા ધનને રોજગારીની નવી તક સર્જાઈ છે. છેલ્લા ૩ વર્ષમાં પારદર્શિતા, પ્રમાણિકતા અને પ્રતિબદ્ધતાથી કેન્દ્ર સરકાર જન આકાંક્ષાઓની પુર્તિ કરી રહી છે ત્યારે કોંગ્રેસ પોતાની નકારાત્મક માનસિકતા છતી કરી રહી છે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ